સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 33**


[AUGUST - 2023]

[13/08/23 to 19/08/23]

સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**13 AUGSUT-2023**

- દિવસ મહિમા : 13 ઓગસ્ટ, વિશ્વ અંગદાન દિવસ ..... 02
- એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં ભારત ચેમ્પિયન ..... 02
- સંસદનું ચોમાસુ સત્ર અને અવિશ્વાસ પ્રસ્તાવ ..... 03
- QUESTION ANSWERS ..... 06

**14 AUGSUT-2023**

- દિવસ મહિમા : 14 ઓગસ્ટ, વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ..... 07
- રાજૌરી ચિકરી વુડકાફ્ટ અને મુશ્કબુદજી ચોખાને GI ટેગ ..... 07
- NCERT પાઠ્યપુસ્તકોને સુધારવા માટે 19 સભ્યોની સમિતિની રચના ..... 08
- IPC, CrPC અને એવિડન્સ એક્ટના સ્થાને ત્રણ નવા કાયદા માટે લોકસભામાં 3 બિલ રજૂ ..... 09
- QUESTION ANSWERS ..... 12

**15 AUGSUT-2023**

- દિવસ મહિમા : 15 ઓગસ્ટ, ભારતનો 77મો સ્વાતંત્ર્ય દિન ..... 13
- પ્રસિદ્ધ પરમાણુ ભૌતિકશાસ્ત્રી શ્રી વિકાસ સિંહાનું નિધન ..... 15
- QUESTION ANSWERS ..... 16

**16 AUGSUT-2023**

- ભારતનેટ પ્રોજેક્ટ ..... 17
- રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ પ્રોજેક્ટ 17A ફ્રિગેટ 'વિંધ્યાગીરી' લોન્ચ કર્યુ ..... 19
- QUESTION ANSWERS ..... 21

**17 AUGSUT-2023**

- RBI મોનેટરી પોલિસી કમિટીએ પોલિસી દરો યથાવત રાખ્યા ..... 22
- યુરિયા ગોલ્ડ ખાતર (Urea Gold Fertiliser) ..... 24
- પ્રબલ રિવોલ્વર : ભારતની સૌપ્રથમ લોન્ગ રેન્જ રિવોલ્વર ..... 25
- QUESTION ANSWERS ..... 26

**18 AUGSUT-2023**

- વિશ્વકર્મા યોજના (Vishwakarma Yojna) ..... 27
- લખપતિ દીદી યોજના (Lakhpati Didi Scheme) ..... 28
- પ્રધાનમંત્રી - ઇલેક્ટ્રિક બસ સેવા (PM-eBUS Sewa) ..... 29
- QUESTION ANSWERS ..... 32

**19 AUGSUT-2023**

- દિવસ મહિમા : 19 ઓગસ્ટ, વિશ્વ ફોટોગ્રાફી દિવસ, વિશ્વ માનવતા દિવસ ..... 33
- મેટ્ટી બનાનાને GI ટેગ ..... 33
- રાજકોટ AIIMS હોસ્પિટલના અધ્યક્ષ તરીકે ડો. વલ્લભ કથીરિયાની નિમણૂક ..... 34
- ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે 'સુત્રા' નામના સિંહનું નિધન ..... 34
- QUESTION ANSWERS ..... 35

**ONE LINER** ..... 36

**QUESTION OF THIS WEEK** ..... 40


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 13 ઓગસ્ટ, વિશ્વ અંગદાન દિવસ



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 13 ઓગસ્ટના રોજ 'વિશ્વ અંગદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ અંગદાન વિશે જાગૃતિ ફેલાવવાનો છે.
- મનુષ્યો તેમના વિવિધ અંગો જેમ કે કિડની, ફેફસાં, હૃદય, આંખો, યકૃત, સ્વાદુપિંડ, કોર્નીયા, નાના આંતરડા વગેરેનું દાન કરી શકે છે.
- આમાંથી કેટલાંક જીવંત વ્યક્તિ દ્વારા પણ દાન કરી શકાય છે, પરંતુ મોટાભાગના અંગો માત્ર મૃત વ્યક્તિ દ્વારા જ દાન કરી શકાય છે.
- આ અવયવોની મદદથી જરૂરિયાતમંદ વ્યક્તિનો જીવ બચાવી શકાય છે.
- વિશ્વ અંગદાન દિવસ 13 ઓગસ્ટના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય અંગદાન દિવસ' 27 નવેમ્બરના રોજ ઉજવાય છે.

## એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં ભારત ચેમ્પિયન




2023 મેન્સ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીનું આયોજન 3 થી 12 ઓગસ્ટ, 2023 દરમિયાન ભારતમાં ચેન્નાઈ ખાતે આયોજન થયું હતું.

- મેન્સ એશિયન ચેમ્પિયનશિપ ટ્રોફી હોકીની આ સાતમી આવૃત્તિ હતી.
- જેમાં ફાઈનલ મેચમાં ભારતે મલેશિયાને 4-3થી હરાવીને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું ટાઈટલ જીતી લીધુ છે.
- ભારત આ ટુર્નામેન્ટમાં ચોથી વખત ચેમ્પિયન બન્યું છે. જે સૌથી વધુ વખત ટાઈટલ જીતનાર ટીમ છે.
- આ ટુર્નામેન્ટમાં 6 ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ભારત, મલેશિયા, દક્ષિણ કોરિયા, જાપાન, પાકિસ્તાન અને ચીનનો સમાવેશ થાય છે.
- આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ શ્રી હરમનપ્રીત સિંઘએ કર્યા હતા.

નોંધ : (1) એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી એ એશિયન રાષ્ટ્રીય ટીમો માટે પ્રતિષ્ઠિત ફીલ્ડ હોકી ટુર્નામેન્ટ છે.

(2) સ્પોન્સરશિપ કારણોસર 2023 મેન્સ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીને હિરો એશિયન્સ ચેમ્પિયન્સ ટ્રોફી તરીકે ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સંસદનું ચોમાસુ સત્ર અને અવિશ્વાસ પ્રસ્તાવ


તાજેતરમાં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન કેન્દ્ર સરકાર વિરુદ્ધ આસામના સંસદએ અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

- જોકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભાષણ બાદ આ પ્રસ્તાવ પડતો મૂકવામાં આવ્યો હતો.

## સંસદના સત્ર

દેશના સંચાલન માટે વિવિધ કાયદાઓ અને નિયમો દેશની ધારાકીય પાંખ એટલે કે સંસદ દ્વારા તૈયાર કરવામાં આવે છે.

- આ નિયમો અને કાયદાઓ બનાવવા માટે સંસદ સત્રોનું આયોજન કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 85(1) અનુસાર રાષ્ટ્રપતિ સંસદના દરેક ગૃહનું સત્ર પોતાને યોગ્ય લાગે તે સમયે અને સ્થળે વખતો વખત બોલાવશે.
- જોકે ભારતના રાષ્ટ્રપતિ સંસદનું સત્ર ત્યારે જ બોલાવે છે, જ્યારે પ્રધાનમંત્રી અથવા મંત્રીમંડળે આ માટે તેમને સલાહ આપી હોય.
- અનુચ્છેદ 85(1) અનુસાર સંસદના બે સત્રો વચ્ચે 6 મહિનાથી વધુ સમયગાળો ન હોવો જોઈએ.
- અર્થાત વર્ષમાં ઓછામાં ઓછા સંસદના બે સત્ર યોજવા જરૂરી છે.
- સંસદના બે સત્ર વચ્ચેના ખાલી સમયગાળાને 'સત્રાવકાશ' કહે છે.
- સામાન્ય રીતે ભારતમાં દર વર્ષે સંસદના ત્રણ સત્રો યોજાય છે.
- સંસદના આ ત્રણ સત્રોના નામ આ પ્રમાણે છે :




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અવિશ્વાસ પ્રસ્તાવ (No-Confidence Motion)

અવિશ્વાસ પ્રસ્તાવ ફક્ત લોકસભામાં જ લાવી શકાય છે.

- જ્યારે લોકસભામાં વિરોધ પક્ષને લાગે છે કે સરકાર પાસે બહુમતી નથી અથવા ગૃહમાં સરકારનો વિશ્વાસ ગુમાવ્યો છે, ત્યારે તે 'અવિશ્વાસ પ્રસ્તાવ' લાવે છે.
- અવિશ્વાસ પ્રસ્તાવને 'નો કોન્ફિડન્સ મોશન' (No-Confidence Motion) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ-75 અનુસાર મંત્રીપરિષદ સામૂહિક રીતે લોકસભાને જવાબદાર છે.
- તેનો મતલબ એ છે કે જ્યાં સુધી લોકસભામાં મંત્રીપરિષદ પાસે બહુમતી હોય ત્યાં સુધી તેઓ સરકારમાં રહી શકે છે.
- લોકસભાના નિયમ 198માં અવિશ્વાસ પ્રસ્તાવ અંગેની પ્રક્રિયા દર્શાવવામાં આવી છે.
- વિરોધપક્ષના કોઈ સભ્ય દ્વારા ગૃહમાં અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરવામાં આવે છે. જોકે, આ માટે અગાઉ સૂચના આપવી જરૂરી છે.
- આ ઉપરાંત આ પ્રસ્તાવ લાવવા માટે લોકસભાના ઓછામાં ઓછા 50 સભ્યોનું સમર્થન જરૂરી છે.
- પ્રસ્તાવ રજૂ થયા બાદ લોકસભાના અધ્યક્ષ આ પ્રસ્તાવ પર કયારે ચર્ચા કરવી તેની તારીખ નક્કી કરશે.
- જોકે, આ પ્રસ્તાવ સ્વીકાર્યા બાદ 10 દિવસમાં ચર્ચા કરાવવી જરૂરી છે.
- નોંધનીય છે કે ઓછામાં ઓછા 50 સભ્ય દ્વારા સમર્પિત સભ્યએ સવારે 10 વાગ્યા પહેલા લેખિત સૂચના સબમિટ કરવી આવશ્યક છે.
- અવિશ્વાસ પ્રસ્તાવ કોઈ ચોક્કસ મુદ્દાને આધારે લાવવામાં આવતો નથી કે તેનું કારણ દર્શાવવું પણ જરૂરી નથી, પરંતુ મંત્રીપરિષદ કે સરકાર પાસે ગૃહમાં બહુમતી નથી તેવું સાબિત કરવા માટે આ પ્રસ્તાવ લાવવામાં આવે છે.
- આથી, લોકસભામાં જો 'સામાન્ય બહુમતી'થી (એટલે કે લોકસભામાં હાજર અને મતદાન કરતા સભ્યોની 50 ટકાથી વધુની બહુમતીથી) અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થાય તો પ્રધાનમંત્રી સહિત મંત્રી પરિષદે રાજીનામું આપવું પડે છે. અર્થાત સરકાર ભાંગી પડે છે.
- અવિશ્વાસ પ્રસ્તાવ ગૃહમાં રજૂ થતા જ તે પ્રસ્તાવને પ્રાધાન્ય આપવામાં આવે છે અને અન્ય પ્રસ્તાવોને મોકૂફ રાખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અવિશ્વાસ પ્રસ્તાવ વિશે કેટલીક પરીક્ષાલક્ષી માહિતી



ભારતની લોકસભામાં સૌપ્રથમ વખત 1963માં શ્રી જવાહરલાલ નહેરૂની સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ આચાર્ય જે. બી. કૃપલાણી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

- ભારતની લોકસભામાં સૌથી વધુ અવિશ્વાસ પ્રસ્તાવ 15 વખત શ્રીમતી ઈન્દિરા ગાંધીની સરકાર વિરુદ્ધ રજૂ કરાયા હતા.
- શ્રી લાલ બહાદુર શાસ્ત્રી અને શ્રી નરસિમ્હા રાવની સરકારોએ ત્રણ–ત્રણ વખત અવિશ્વાસના પ્રસ્તાવનો સામનો કર્યો હતો.
- ભારતની લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થઈ જવાના કારણે રાજીનામું આપનાર પ્રથમ સરકાર શ્રી મોરારજી દેસાઈની હતી. તેમની સરકાર વિરુદ્ધ બે વખત આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. (1978માં)
- વર્ષ 1980માં તત્કાલીન વડાપ્રધાન શ્રી ચૌધરી ચરણસિંહે અવિશ્વાસ પ્રસ્તાવ પર જરૂરી બહુમતી હાંસલ ન કરવાને કારણે રાજીનામું આપી દીધું હતું.
- 1989માં ભાજપે સમર્થન પાછુ ખેંચી લીધા બાદ શ્રી વી. પી. સિંહની સરકારનું વિસર્જન કરવામાં આવ્યું હતું.
- 1993માં શ્રી નરસિમ્હા રાવની સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ તેઓ તેમની સરકાર બચાવવામાં સફળ રહ્યા હતા.
- વર્ષ 1998માં શ્રી આઈ.કે. ગુજરાલની સરકાર અવિશ્વાસ પ્રસ્તાવ હારી જતા રાજીનામું આપવું પડયું હતું.
- NDA વતી શ્રી અટલ બિહારી વાજપેયજીની સરકારે બે વખત વિશ્વાસમાં મત મેળવવા માટે બે વાર પ્રયાસ કર્યો અને બંને વખત નિષ્ફળ ગયા હતા.
- 1996માં તેમણે માત્ર 13 દિવસ સરકાર ચલાવ્યા બાદ મતદાન પહેલા રાજીનામુ આપ્યું હતું. અને 1998માં તેમની સરકાર માત્ર એક મતથી પરાજય પામી હતી.
- જુલાઈ 2009માં યુએસ સાથેના પરમાણુ કરારના વિરોધમાં યુપીએ સરકાર સામે અવિશ્વાસનો મત લાવવામાં આવ્યો હતો. ત્યારે વડાપ્રધાન શ્રી મનમોહનસિંહે બહુમતીથી જીત મેળવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ અંગદાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ **(D)**

2. તાજેતરમાં વર્ષ 2023ની મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં કઈ ટીમ ચેમ્પિયન બની છે ?

(A) ભારત (B) મલેશિયા (C) જાપાન (D) પાકિસ્તાન **(A)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'અવિશ્વાસ પ્રસ્તાવ' (No-Confidence Motion) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભારતીય બંધારણના અનુચ્છેદ 198માં અવિશ્વાસ પ્રસ્તાવ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
2. તે ફક્ત લોકસભામાં જ લાવી શકાય છે.
3. આ પ્રસ્તાવ લાવવા માટે લોકસભાના ઓછામાં ઓછા 50 સભ્યોનું સમર્થન જરૂરી છે.
4. આ પ્રસ્તાવ સ્વીકાર્યા બાદ 10 દિવસમાં ચર્ચા કરાવવી જરૂરી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4 લોકસભાના કયા નિયમમાં 'અવિશ્વાસ પ્રસ્તાવ' અંગેની પ્રક્રિયા દર્શાવવામાં આવી છે ?

(A) નિયમ 198 (B) નિયમ 192

(C) નિયમ 75 (D) નિયમ 72 **(A)**

5. ભારતની લોકસભામાં સૌથી વધુ અવિશ્વાસ પ્રસ્તાવ નીચેના પૈકી કોની સરકાર વિરુદ્ધ રજૂ કરાયા હતા ?

(A) શ્રી અટલ બિહારી વાજપેયજી (B) શ્રી આઈ. કે. ગુજરાલ

(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રીમતી ઈન્દિરા ગાંધી **(D)**

## દિવસ મહિમા : 14 ઓગસ્ટ, વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ (Partition Horrors Remembrance Day)



ભારતમાં 14 ઓગસ્ટના રોજ 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2021માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે ઉજવણી કરવાની જાહેરાત કરી હતી.
- આઝાદી બાદ ભારતનું વિભાજન થયું હતું અને પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું હતું.
- ભારતના વિભાજન બાદ મોટા પાયે હિંસાની ઘટનાઓ બની હતી.
- જેના કારણે લાખો લોકોને વિસ્થાપિત થવું પડ્યું હતું. અને હિંસામાં અસંખ્ય લોકો મૃત્યુ પામ્યા હતા.
- આથી, તે લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- આ દિવસ ભારતીયોને સામાજિક વિભાજન, વૈમનસ્ય દૂર કરવાની અને એકતા, સામાજિક સમરસ્તા અને માનવ સશક્તિકરણની ભાવનાને વધુ મજબૂત કરવાની જરૂરિયાતની યાદ અપાવે છે.

## રાજૌરી ચિકરી વુડક્રાફ્ટ અને મુશ્કબુદજી ચોખાને GI ટેગ



જમ્મુ અને કાશ્મીરના વિશિષ્ટ પ્રાદેશિક યોગદાન, રાજૌરી ચિકરી વુડક્રાફટ અને મુશ્કબુદજી ચોખાને તાજેતરમાં GI ટેગથી નવાજવામાં આવ્યા છે.

- આ બંને મુળ રાજૌરી અને અનંતનાગ જિલ્લામાં જોવા મળે છે.
- રાજૌરી તેના નાજુક ચિકરી લાકડાના કામ માટે પ્રખ્યાત છે, જ્યારે અનંતનાગ તેના સુગંધિત મુશ્કબુદજી ચોખા માટે જાણીતો છે.
- આ GI ટેગ પ્રાપ્ત થવાથી આ બંને ઉત્પાદનોની નિકાસને વેગ મળશે અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની બ્રાન્ડને પ્રોત્સાહન મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# NCERT પાઠ્યપુસ્તકોને સુધારવા માટે 19 સભ્યોની સમિતિની રચના



નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) દ્વારા ધોરણ 3થી 12ના અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોને અંતિમ સ્વરૂપ આપવા માટે એક નવી સમિતિની રચના કરવામાં આવી છે.

- NIEPA ચાન્સેલર શ્રી એમ. સી. પંત (મહેશચંદ્ર પંત)ની અધ્યક્ષતામાં 19 સભ્યોની રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને અધ્યાપન સામગ્રી સમિતિ (NSTC)ની સ્થાપના કરવામાં આવી છે.
- આ સભ્યોમાં સુધા મૂર્તિ, શંકર મહાદેવન, સંજીવ સાન્યાલ અને અન્યનો સમાવેશ થાય છે.
- સમિતિનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 હેઠળ શાળા શિક્ષણ માટેના રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF-SE) સાથે અભ્યાસક્રમને સંરેખિત કરવાનો છે.
- ગણિતશાસ્ત્રી મંજુલ ભાર્ગવની સહ–અધ્યક્ષતામાં સમિતિ શિક્ષણ સામગ્રી વિકસાવશે અને તેને અભ્યાસક્રમ ક્ષેત્રના જુથો દ્વારા સહાય કરવામાં આવશે.
- NCERT પાઠ્યપુસ્તકોમાં વિષયોની બાદબાકીથી તાજેતરનો વિવાદ ઉભો થયો હતો, જેમાં અભ્યાસક્રમના ફેરફારો અંગે ચર્ચા થઈ હતી.
- શ્રી એમ. સી. પંત એક શૈક્ષણિક અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન (NIEPA)ના ચાન્સેલર છે. તેઓ આ 19 સભ્યોની વિવિધ સમિતિના અધ્યક્ષ રહેશે.
- જ્યારે મંજુલ ભાર્ગવ પ્રિન્સટન યુનિવર્સિટીમાં ગણિતશાસ્ત્રી અને પ્રોફેસર છે.
- સુધા મૂર્તિ ઈન્ફોસિસ ફાઉન્ડેશનના ચેરપર્સન છે, જે ઈન્ફોસિસની પરોપકારી અને સામાજિક પહેલ છે. તેઓ ભારતમાં સાહિત્ય, સામાજિક કાર્ય અને શિક્ષણમાં તેમના યોગદાન માટે જાણીતા છે.

**નોંધ:** (1) નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) ભારત સરકાર હેઠળની એક સવાયત સંસ્થા છે.

(2) જે ભારતમાં શાળાઓ માટે શૈક્ષણિક સામગ્રી, અભ્યાસક્રમ માળખું અને પાઠ્યપુસ્તકો વિકસાવે છે અને પ્રકાશિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# IPC, CrPC અને એવિડન્સ એક્ટના સ્થાને ત્રણ નવા કાયદા માટે લોકસભામાં 3 બિલ રજૂ

તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા ભારતીય દંડ સંહિતા (IPC), ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC) અને ઈન્ડિયન એવિડન્સ એક્ટનું સ્થાન લેતા 3 નવા કાયદા માટેના બિલ લોકસભામાં રજૂ કર્યા હતા.

- આ બિલનો ઉદ્દેશ્ય બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં લાગુ કરવામાં આવેલ આ કાયદાઓને રદ કરવાનો અને બદલવાનો છે.
- આ ત્રણ બિલો નીચે મુજબ છે :

(1) ભારતીય દંડ સંહિતા, 1860 (IPC)ને 'ભારતીય ન્યાય સંહિતા બિલ, 2023' દ્વારા બદલવામાં આવશે.

(2) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (CrPC)ને 'ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023' દ્વારા બદલવામાં આવશે.

(3) ભારતીય પુરાવા અધિનિયમ, 1872 (એવિડન્સ એક્ટ)ને 'ભારતીય પુરાવા બિલ, 2023' દ્વારા બદલવામાં આવશે.

## કાયદામાં કરેલા મહત્ત્વના ફેરફાર

ત્રણેય નવા બિલમાં કરેલા કેટલાક મહત્ત્વના ફેરફાર અને મહત્ત્વની જોગવાઈ નીચે મુજબ છે :

(1) દેશ દ્રોહનો કાયદો રદ કરવામાં આવશે અને તેના સ્થાને નવો કાયદો આવશે.

(2) આ બિલ આતંકવાદ અને અલગતાવાદ, સરકાર સામે સશસ્ત્ર બળવો, દેશની સાર્વભૌમત્વને પડકારવા જેવા ગુનાઓને વ્યાખ્યાયિત કરે છે, જેનો અગાઉ કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

(3) નવા કાયદા હેઠળ સગીરા પર સામુહિક બળાત્કાર બદલ મોતની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

(4) મોબ લિંચિંગના કેસમાં આરોપીને ફાંસીની સજા કરાશે.

(5) સરકારી કર્મચારી સામે 120 દિવસમાં કેસ ચલાવવાનો રહેશે.

(6) આરોપીની મોતની સજાને આજીવન કારાવાસમાં બદલી શકાશે પણ તેને મુક્ત કરી શકાશે નહીં. કાયદામાં ત્રાસવાદને જોડવામાં આવ્યો છે.

(7) હેટ સ્પીચ કરનારને 5 વર્ષની સજા કરવામાં આવશે.

(8) ભાગેડુ ગુનેગારોની ગેરહાજરીમાં ટ્રાયલ થશે અને સજા પણ આપી શકાશે.

(9) જે કેસમાં 7 વર્ષની સજાની જોગવાઈ છે ત્યાં ફોરેન્સિક ટીમે પુરાવા એકઠા કરવા ફરજિયાત જવાનું રહેશે.

(10) IPCમાં ફેરફાર હેઠળ મહિલાઓ અને બાળકો વિરુદ્ધ ગુનાઓ પર નવું પ્રકરણ ઉમેરવામાં આવ્યું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(11) બળાત્કારના કાયદામાં એક નવી જોગવાઈ ઉમેરાઈ છે, જે વ્યાખ્યાયિત કરે છે કે વિરોધ નહીં કરવાનો અર્થ સહમતી નથી. આ ઉપરાંત રેપ પીડિતાની ઓળખ જાહેર કરનારને સજા કરવામાં આવશે.

(12) FIR નોંધવી, કેસ ડાયરી, આરોપનામું અને ચૂકાદો આપવા સુધીની સંપૂર્ણ પ્રક્રિયા ડિજિટાઈઝ એટલે કે ઓનલાઈન કરાશે.

(13) મહિલાઓ અને બાળકોની સુરક્ષાને અગ્રતા અપાશે. હત્યા માટે આકરી સજા કરી શકાશે.

(14) મહિલાઓના પ્રાઈવેટ ફોટા જાહેર કરનાર માટે પણ સજાની જોગવાઈ કરાઈ છે.

(15) આતંકી ઘટનાઓમાં મોતની કે ફાંસીની સજા કરવામાં આવશે.

(16) ઓળખ છુપાવીને લગ્ન કરવા–જાતીય સંબંધ બનાવવાને પહેલી વખત ગુનાની શ્રેણીમાં રખાયા. જેમાં 10 વર્ષની સજાની જોગવાઈ છે.

(17) ભાગેડુ અને દોષિતોની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ કોર્ટ દ્વારા અપાશે, પોલીસ દ્વારા નહીં.

(18) ચૂંટણી વખતે મતદારોને લાંચ કે લાલચ કે ભેટ સોગાદ આપવાના કૃત્યને ગુનો ગણાશે.

(19) બિલમાં કહેવામાં આવ્યું છે કે પોલીસને ફરિયાદની સ્થિતિ વિશે 90 દિવસમાં જાણ કરવી પડશે, જેનાથી જવાબદારી અને પારદર્શિતા વધશે.

(20) મૃત્યુ દંડના કેસમાં દયાની અરજી 30 દિવસની અંદર રાજ્યપાલને અને 60 દિવસની અંદર રાષ્ટ્રપતિને કરવાની હોય છે. રાષ્ટ્રપતિના નિર્ણય સામે કોઈપણ કોર્ટમાં અપીલ કરી શકાતી નથી.

(21) જાતિય હિંસાની ઘટનામાં પીડિતાનું નિવેદન અને વીડિયો રેકોર્ડિંગ ફરજિયાત પીડિતને સંભળાવ્યા વિના કેસ પાછો ખેંચી શકાય નહીં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## IPC, CrPC અને એવિડન્સ એક્ટના જૂના કાયદા વિશે માહિતી

### IPC


- IPCનું પૂરું નામ 'Indian Penal Code' છે. જેને ગુજરાતીમાં 'ભારતીય ફોજદારી અધિનિયમ' તરીકે ઓળખવામાં આવે છે.
- ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 6 ઓક્ટોબર, 1860ના રોજ ઘડાયો હતો. તથા 1 જાન્યુઆરી, 1862ના રોજ અમલમાં આવ્યો હતો.
- ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 લોર્ડ મેકોલેએ ઘડયો હતો.
- IPCમાં 23 પ્રકરણ અને 511 કલમ હતી.

## CrPC

- CrPCનું પૂરું નામ **'Criminal Procedure Code'** છે. જેને ગુજરાતીમાં **'ફોજદારી કાર્યરીતિ અધિનિયમ'** તરીકે ઓળખવામાં આવે છે.
- CrPC, 1973 **1 એપ્રિલ, 1974**ના રોજ અમલમાં આવ્યું હતું.
- CrPC, 1973 કાયદામાં 37 પ્રકરણ અને 484 કલમ હતી.

## એવિડન્સ એક્ટ

- ભારતીય પુરાવા અધિનિયમ, 1872 (એવિડન્સ એક્ટ, 1872) **15 માર્ચ 1872**માં ઘડાયો હતો.
- ભારતીય પુરાવા અધિનિયમ, 1872 **1 સપ્ટેમ્બર, 1872**ના રોજ અમલમાં આવ્યો હતો.
- ભારતીય પુરાવા અધિનિયમ, 1872માં 11 પ્રકરણ અને 167 કલમ હતી.



1. 'વિભાજન વિભીષિકા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 12 ઓગસ્ટ (B) 13 ઓગસ્ટ (C) 14 ઓગસ્ટ (D) 15 ઓગસ્ટ **(C)**

2. તાજેતરમાં રાજૌરી ચિકરી વુડક્રાફ્ટ અને મુશ્કબુદજી ચોખાને GI ટેગ આપવામાં આવ્યો છે. તે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ?

(A) પંજાબ (B) સિક્કિમ (C) જમ્મુ–કાશ્મીર (D) પુડુચેરી **(C)**

3. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)એ 3 થી 12ના અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોને અંતિમ સ્વરૂપ આપવા માટે કોની અધ્યક્ષતામાં એક નવી સમિતિની રચના કરવામાં આવી છે ?

(A) શ્રી એમ. સી. પંત (B) શ્રી સંજીવ સન્યાલ

(C) શ્રી અજય મિશ્રા (D) શ્રી વી. પી. નહેરા **(A)**

4. તાજેતરમાં IPC, CrPC અને Evidence Actના ત્રણ નવા બિલ ચર્ચામાં હતા. તેના સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. ભારતીય દંડ સંહિતા, 1860 (IPC)ને 'ભારતીય ન્યાય સંહિતા બિલ, 2023' દ્વારા બદલવામાં આવશે.
2. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (CrPC)ને 'ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023' દ્વારા બદલવામાં આવશે.
3. ભારતીય પુરાવા અધિનિયમ, 1872 (એવિડન્સ એક્ટ)ને 'ભારતીય પુરાવા બિલ, 2023' દ્વારા બદલવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

5. IPCનું પૂરું નામ જણાવો ?

(A) Indian Penal Code, 1860 (B) Indian Penalty Code, 1860

(C) Indian Penal Code, 1862 (D) Indian Penalty Code, 1862 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 ઓગસ્ટ, ભારતનો 77મો સ્વાતંત્ર્ય દિન

- 15 ઓગસ્ટ, 2023ના રોજ સમગ્ર ભારતમાં 77માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.





### 77મા સ્વાતંત્ર્ય દિનની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

15 ઓગસ્ટ, 2023ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના સ્વાતંત્ર્ય પર્વે સતત દસમી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની આઝાદી માટે પોતાના જીવનનું બલિદાન આપનારા સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલી અર્પણ કરી અને મજબૂત, સમૃદ્ધ અને સર્વસમાવેશક ભારતના તેમના સંકલ્પને સાકાર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.
- વર્ષ 2023ના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીની થીમ 'Nation First, Alwas First' હતી.
- આ થીમ રાષ્ટ્રીય એકતા અને વિકાસ પર સરકારના ધ્યાનને અનુરૂપ છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના ભાષણમાં છેલ્લા સાત દાયકાઓમાં ભારતની સિદ્ધિઓ અને પડકારો પર પ્રકાશ પાડયો હતો અને ભવિષ્ય માટે તેનું વિઝન રજૂ કર્યુ હતું.
- તેમણે લોકોને ભારતને 2026 સુધીમાં વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાંની એક અને 2047માં તેના 100મા સ્વતંત્રતા દિવસ સુધીમાં એક વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે સાથે મળીને કામ કરવા વિનંતી કરી હતી.
- તેમણે વિવિધતા, લોકશાહી અને વસતીના રાષ્ટ્ર તરીકે ભારતની તાકાત પર ભાર મૂકયો હતો. તેમણે કહ્યું કે "ભારતની વિવિધતા તેની સુંદરતા છે અને તેની લોકશાહી તેની આત્મા છે."
- તેમણે પરંપરાગત કૌશલ્યો અને હસ્તકલાને ટેકો આપવા માટે 'વિશ્વકર્મા યોજના'નો પ્રારંભ કર્યો હતો.
- આ ઉપરાંત સરકારે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 'હર ઘર તિરંગા અભિયાન'નું આયોજન 13 થી 15 ઓગસ્ટ દરમિયાન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 77મા સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની ઉજવણી

77મા સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની ઉજવણી વલસાડ ખાતે કરવામાં આવી હતી.

- આ અંતર્ગત 15 ઓગસ્ટ, 2023ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વલસાડના ધમડાચી ગામે APMC માર્કેટના મેદાન પર ધ્વજવંદન કર્યુ હતું.
- આ પ્રસંગે પોલીસ પરેડ, પોલીસ ફોર્સ નિદર્શન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વલસાડમાં રાજ્યકક્ષાની ઉજવણી દરમિયાન ડાંગ જિલ્લાના 279 ગામોમાં સર્ફેસ સોર્સ આધારિત પાણી પુરવઠા માટેની 866 કરોડ રૂપિયાની યોજનાની જાહેરાત કરી હતી.
- ડાંગ જિલ્લાને આ યોજનાથી રોજનું 37 MLD પાણી આપવા આ 866 કરોડ રૂપિયાની પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપી છે.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત પહેલેથી જ 4G તો હતું જ... ગરવી ગુજરાત, ગતિશીલ ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને હવે ગુજરાત 5G તરફ આગળ વધી રહ્યું છે... આ 5G એટલે ગ્રીન ગુજરાત.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આઝાદી કા અમૃત મહોત્સવ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 માર્ચ, 2021ના રોજ સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતેથી 'આઝાદી કા અમૃત મહોત્સવ' (INDIA@75)નું ઉદ્દઘાટન કર્યુ હતું.

- 'આઝાદી કા અમૃત મહોત્સવ' ભારત સરકાર દ્વારા ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમોની શ્રેણી છે.
- આ મહોત્સવ જાહેર ભાગીદારીની ભાવના સાથે જાહેર ઉત્સવ તરીકે ઉજવવામાં આવ્યો છે.
- આઝાદીના 75મી વર્ષગાંઠ પર આયોજિત કાર્યક્રમો અંગે નીતિઓ અને યોજનાઓ તૈયાર કરવા માટે ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી હતી.
- પ્રારંભિક કાર્યક્રમોની શરૂઆત 12 માર્ચ, 2021થી થઈ હતી.
- આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ 15 ઓગસ્ટ, 2023ના રોજ સમાપ્ત થયો છે.

# પ્રસિદ્ધ પરમાણુ ભૌતિકશાસ્ત્રી શ્રી વિકાસ સિંહાનું નિધન



પ્રસિદ્ધ પરમાણુ ભૌતિકશાસ્ત્રી શ્રી વિકાસ સિંહાનું 78 વર્ષની વયે નિધન થયું છે.

## શ્રી વિકાસ સિંહા

શ્રી વિકાસ સિંહાનો જન્મ 16 જૂન, 1945ના રોજ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના કાંડીમાં થયો હતો.

- તેમને બંગાળીમાં બિકાસ સિંહા તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેઓ ભારતીય ભૌતિકશાસ્ત્રી હતા અને પરમાણુ ભૌતિકશાસ્ત્ર તથા ઉચ્ચ ઊર્જા ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રોમાં સક્રિય હતા.
- તેમણે પ્રેસિડેન્સી કોલેજ, કોલકાતામાં 1961થી 1964 દરમિયાન તેમની સ્નાતક ડિગ્રી માટે ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.
- ત્યારબાદ તેઓ તેમના વિષયમાં ઉચ્ચ અભ્યાસ માટે કિંગ્સ કોલેજ, કેમ્બ્રિજ ગયા હતા.
- તેઓ ઈંગ્લેન્ડથી પાછા ફર્યા બાદ 1976માં ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈમાં જોડાયા હતા. અને વેરિયેબલ એનર્જી સાયક્લોટ્રોન સેન્ટરના ડિરેક્ટર હતા.
- તેઓ જૂન 2009માં વેરિયેબલ એનર્જી સાયક્લોટ્રોન સેન્ટર અને સાહા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુક્લિયર ફિઝિક્સના ડિરેક્ટર તરીકે સેવામાંથી નિવૃત્ત થયા હતા.
- શ્રી વિકાસ સિંહા ન્યુક્લિયર ફિઝિક્સ, હાઈ એનર્જી ફિઝિક્સ, ક્વાર્ક–ગ્લુઓન પ્લાઝમા અને પ્રારંભિક બ્રહ્માંડ વિજ્ઞાનમાં વિશેષતા ધરાવતા હતા.
- તેમણે CERN ખાતે હિગ્સ બોસનની શોધમાં ભારતને જોડાવામાં ફાળો આપ્યો હતો, 2008થી 2012 સુધી ચાલેલી આ શોધમાં મદદ કરી હતી. જે આખરે હિગ્સ બોસોનની શોધ સાથે પરિણમ્યુ હતું.
- CERN ખાતે તેમણે હિગ્સ બોસોનની શોધ સાથે ક્વાર્ક–ગ્લુઓન પ્લાઝમા બનાવવા અને સંશોધનમાં પણ કામ કર્યું હતું.
- તેમણે વડાપ્રધાનના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે પણ સેવા આપી હતી.
- તેમને 2010માં વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ પદ્મ ભૂષણ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.
- તેમને વર્ષ 2001માં પદ્મશ્રી પુરસ્કાર અને 2022માં રવિન્દ્ર પુરસ્કાર એનાયત થયો હતો.

**1.** 15 ઓગસ્ટ, 2023ના રોજ ભારતમાં કેટલામાં સ્વાતંત્ર્યપર્વની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 73મા (B) 74મા (C) 76મા (D) 77મા

**(D)**

**2.** 15 ઓગસ્ટ, 2023ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયાંથી તિરંગો લહેરાવ્યો હતો ?

(A) રાજપીપળા (B) વલસાડ

(C) પાલનપુર (D) જૂનાગઢ

**(B)**

**3.** 'આઝાદી કા અમૃત મહોત્સવ' (India@75) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 માર્ચ, 2021ના રોજ સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતેથી તેનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.
2. તે ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમોની શ્રેણી છે.
3. તેનો સમયગાળો 12 માર્ચ, 2021થી 15 ઓગસ્ટ, 2023 સુધીનો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

**(D)**

**4.** તાજેતરમાં શ્રી વિકાસ સિંહાનું નિધન થયું હતું. તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?

(A) ભૌતિકશાસ્ત્ર (B) પત્રકારત્વ (C) રાજકીય (D) એગ્રીકલ્ચર

**(A)**






## ભારતનેટ પ્રોજેક્ટ

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ભારતનેટ પ્રોજેક્ટના આધુનિકીકરણ માટે રૂ. 1.39 લાખ કરોડની મંજૂરી આપી છે.

### ભારતનેટ પ્રોજેક્ટ




નેશનલ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક (NOFN) ઓક્ટોબર, 2011માં લોન્ચ કરવામાં આવ્યું હતું અને વર્ષ 2015માં તેને ભારતનેટ પ્રોજેક્ટ તરીકે નામ આપવામાં આવ્યું હતું.

- તે ઓપ્ટિકલ ફાઈબરનો ઉપયોગ કરીને વિશ્વનો સૌથી મોટો ગ્રામીણ બ્રોન્ડબેન્ડ કનેક્ટિવિટી પ્રોગ્રામ છે. જે ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિમિટેડ (BBNL) દ્વારા અમલમાં મુકાયેલ ફ્લેગશિપ મિશન પણ છે.
- BBNL એ કંપની એક્ટ, 1956 હેઠળ ભારત સરકાર દ્વારા સ્થાપિત સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) છે.
- સંચાર મંત્રાલય હેઠળના ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા તેનો અમલ કરવામાં આવી રહ્યો છે.
- આ પ્રોજેક્ટમાં અમલીકરણની વ્યૂહરચના બદલવાનો અને છેલ્લા માઈલ ફાઈબર કનેકશન પ્રદાન કરવા માટે ગ્રામ્ય સ્તરના સાહસિકો (ઉદ્યામી)ને જોડવાનો સમાવેશ થાય છે, જે આગામી 2.5 વર્ષમાં કનેક્ટિવિટી પ્રક્રિયાને વેગ આપશે.
- તેને યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF) દ્વારા ધિરાણ આપવામાં આવશે.

**નોંધ :** (1) યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF) એ સુનિશ્ચિત કરે છે કે ગ્રામીણ અને દૂરના ગ્રામીણ વિસ્તારોમાં લોકો આર્થિક રીતે વાજબી ભાવે ગુણવત્તાયુક્ત માહિતી અને સંચાર ટેક્નોલોજી (ICT) સેવાઓની સાર્વત્રિક બિન–ભેદભાવ વગરની એક્સેસ ધરાવે છે.

(2) તે વર્ષ 2002માં સંચાર મંત્રાલય હેઠળ તૈયાર કરવામાં આવ્યું હતું.

### ઉદ્દેશ્ય

ભારતનેટ પ્રોજેક્ટના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(a) આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં તેમની હાજરીનો લાભ લઈને ખાનગી ટેલિકોમ ઓપરેટરો સાથે સ્પર્ધા કરવાનો છે જ્યાં આ ખાનગી ઓપરેટરોનું ઓછું પ્રતિનિધિત્વ છે.

(b) ભારતનેટ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાની ગુણવત્તા વપરાશકર્તાઓને આકર્ષવામાં મુખ્ય ભૂમિકા ભજવે તેવી એપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(c) તે સમગ્ર ભારતમાં તમામ 6,40,000 ગામડાઓને હાઈ–સ્પીડ ઈન્ટરનેટ એક્સેસ સાથે જોડવાનું લક્ષ્ય રાખે છે.

(d) તેનો હેતુ દેશભરની 2.5 લાખથી વધુ ગ્રામ પંચાયતોમાંના દરેકને બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે.

(e) સરકાર ભારતનેટ દ્વારા દરેક ગ્રામ પંચાયતને ન્યૂનત્તમ 100 mbps બેન્ડવિડ્થ પ્રદાન કરવા માંગે છે જેથી દરેક, ખાસ કરીને ગ્રામીણ ભારતના લોકો ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરી શકે.

નોંધ : (1) સુધારેલ ભારતનેટ મોડલ એરટેલ અને જિયો જેવી ખાનગી ટેલિકોમ કંપનીઓની જેમ ફાઈબર કનેકશનના અમલીકરણ માટે ગ્રામ્ય સ્તરના સાહસિકોને ટેકો આપશે.

(2) આ અભિગમ અનુસાર સરકાર ઘર સુધી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તારવાનો ખર્ચ ઉઠાવશે, જ્યારે ઉદ્યોગસાહસિકો ઘરગથ્થુ જોડાણોની જાળવણી અને સંચાલનમાં યોગદાન આપશે.

## તબક્કાઓ

પ્રોજેક્ટના તબક્કાઓ નીચે મુજબ છે :

(1) **પ્રથમ તબક્કો :**


ડિસેમ્બર, 2017 સુધીમાં એક લાખથી વધુ ગ્રામ પંચાયતોને ઓપ્ટિક ફાઈબર કેબલ (OFC)ની ભૂગર્ભ લાઈનો બિછાવીને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી હતી.

(2) **બીજો તબક્કો :**

માર્ચ 2019 સુધીમાં, ભૂગર્ભ ફાઈબર, ઈલેક્ટ્રિક ફાઈબર લાઈન, રેડિયો અને સેટેલાઈટ મીડિયાના શ્રેષ્ઠ મિશ્રણનો ઉપયોગ કરીને દેશની તમામ ગ્રામ પંચાયતોને કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી હતી.

(3) **ત્રીજો તબક્કો :**

2019 થી 2023 સુધી ફાઈબર સાથેનું અત્યાધુનિક, ભાવી–લક્ષી નેટવર્ક સમગ્ર જિલ્લાઓ અને બ્લોક્સમાં રિંગ ટોપોલોજી સાથે બનાવવામાં આવશે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ પ્રોજેક્ટ 17A ફ્રિગેટ 'વિંધ્યાગીરી' લોન્ચ કર્યું



17 ઓગસ્ટ, 2023ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ કોલકાતામાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ ખાતે પ્રોજેક્ટ 17A ફ્રિગેટ 'વિંધ્યાગીરી'નું લોકાર્પણ કર્યુ હતું.

- આ જહાજ પ્રોજેક્ટ 17A ફ્રિગેટ શ્રેણીમાં છઠ્ઠું છે, જેનું નામ કર્ણાટકની એક પર્વતમાળા પરથી રાખવામાં આવ્યું છે.
- આ ફ્રિગેટ એ પ્રોજેક્ટ 17 વર્ગના ફ્રિગેટ્સ (શિવાલિક વર્ગ)ની ઉત્ક્રાંતિ છે, જેમાં અદ્યતન સ્ટીલ્થ ક્ષમતાઓ, અદ્યતન શસ્ત્રો, સેન્સર્સ અને પ્લેટફોર્મ મેનેજમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે.
- તકનીકી રીતે અત્યાધુનિક વિંધ્યાગીરી તેના પુરોગામી અગાઉના INS વિંધ્યાગીરી, લિએન્ડર ક્લાસ ASW ફ્રિગેટ કરતા શ્રેષ્ઠ છે.
- આત્મનિર્ભરતા માટે દેશની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રોજેક્ટ 17A જહાજો માટેના નોંધપાત્ર 75% સાધનો અને સિસ્ટમ ઓર્ડર સ્વદેશી કંપનીઓના છે, જેમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)નો સમાવેશ થાય છે.

## પ્રોજેક્ટ 17A ફ્રિગેટ્સ

પ્રોજેક્ટ 17A એ P17 ફ્રિગેટ્સ (શિવાલિક ક્લાસ)નું સુધારેલું સંસ્કરણ છે.

- જેમાં સ્ટીલ્થ સુધારાઓ, પ્લેટફોર્મ મેનેજમેન્ટ સિસ્ટમ્સ, અદ્યતન શસ્ત્રો અને સેન્સરમાં કેટલાંક સુધારાઓ છે.
- ભારતીય નૌકાદળ માટે P-17A હેઠળ સાત ફ્રિગેટ (યુદ્ધ જહાજ) બનાવવામાં આવશે.
- જેમાં ચાર મુંબઈમાં મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ (MDL) ખાતે અને ત્રણ કોલકાતા ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ લિમિટેડ (GPSE) ખાતે બનાવવામાં આવશે.
- આ તમામ જહાજ અદ્યતન સ્ટીલ્થ ક્ષમતાથી સજ્જ હશે.

## વિશેષતા

પ્રોજેક્ટ 17Aની મુખ્ય અદ્યતન સ્ટીલ્થ વિશેષતાઓ વહાણના નાના રડાર ક્રોસ-સેક્શન સાથે સંબંધિત છે. જે ખાસ સુપર સ્ટ્રક્ચર આકારના ઉપયોગ દ્વારા પ્રાપ્ત થાય છે જે રડાર તરંગોના પ્રતિબિંબને ઘટાડે છે.

- પ્રોજેક્ટ 17A યુદ્ધ જહાજોમાં બહેતર અસ્તિત્વ, દરિયાઈ જાળવણી, સ્ટીલ્થ અને જહાજની ગતિશિલતા માટે નવી ડિઝાઈનના ખ્યાલો સામેલ છે.

- અન્ય મહત્વની વિશેષતા એ છે કે જહાજના પ્રોપેલર્સ, ઓપરેટિંગ મશિનરી જેવી કે ડીઝલ જનરેટર વગેરેમાંથી નીકળતા ઓછા ઓકોસ્ટિક અવાજને લગતું છે, જે અન્ય જહાજો પર સોનારને તેની હાજરી શોધવામાં મદદ કરે છે.
- આવા સ્ટીલ્થ લક્ષણો ઓપરેશન દરમિયાન કોઈપણ પ્રતિકૂળ વાતાવરણમાં જહાજની ટકી રહેવાની ક્ષમતાને સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**નોંધ :** **પ્રોજેક્ટ 17A હેઠળના અન્ય જહાજોમાં INS નીલગીરી, INS હિમગીરી, INS ઉદયગીરી, INS તારાગીરી, INS દુનાગીરી જહાજોનો સમાવેશ થાય છે.**

## ફ્રિગેટ શું છે ?

ફ્રિગેટ એ એક પ્રકારનું યુદ્ધ જહાજ છે.

- તે નૌકાદળની માલિકીનું જહાજ છે જે ઝડપી ગતીએ આગળ વધી શકે છે.
- ફ્રિગેટ્સનો ઉપયોગ ઘણીવાર અન્ય જહાજોના રક્ષણ માટે થાય છે.
- આ જહાજ કોર્વેટ્સ કરતા મોટા હોય છે પરંતુ ડિસ્ટ્રોયર્સ કરતા નાના હોય છે.
- ફ્રિગેટ સામાન્ય રીતે બંદૂકો, ટોર્પિડોઝ, મિસાઈલ અને વિરોધી પ્રણાલીઓ સહિત વિવિધ શસ્ત્રોથી સજ્જ હોય છે.
- તેમાં અદ્યતન સેન્સર અને તકનીક પણ હોય છે, જે તેમને લાંબા અંતર પર દુશ્મન જહાજો અને વિમાનોની હાજરી શોધવા મહત્ત્વની ભૂમિકા ભજવે છે.



1. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે 'ભારતનેટ પ્રોજેક્ટ'ના આધુનિકીકરણ માટે કેટલી રકમની મંજૂરી આપી છે ?

(A) 1.39 લાખ કરોડ
(B) 2.20 લાખ કરોડ
(C) 3.31 લાખ કરોડ
(D) આવો કોઈ પ્રોજેક્ટ જ નથી

(A)

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ભારતનેટ પ્રોજેક્ટ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. નેશનલ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક (NOFN) ઓક્ટોબર, 2011માં લોન્ચ કરવામાં આવ્યું હતું અને વર્ષ 2015માં તેને ભારતનેટ પ્રોજેક્ટ તરીકે નામ આપવામાં આવ્યું હતું.
2. તે ઓપ્ટિકલ ફાઈબરનો ઉપયોગ કરીને વિશ્વનો સૌથી મોટો ગ્રામીણ બ્રોન્ડબેન્ડ કનેક્ટિવિટી પ્રોગ્રામ છે.
3. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં તેમની હાજરીનો લાભ લઈને ખાનગી ટેલિકોમ ઓપરેટરો સાથે સ્પર્ધા કરવાનો છે.
4. આ પ્રોજેક્ટના ચોથા તબક્કા હેઠળ સિક્કિમ, મેઘાલય, મણિપુર અને ત્રિપુરા માટે અલગથી 1 લાખ કરોડ 2021-22ના બજેટમાં ફાળવવામાં આવ્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1 અને 4
(D) 1, 2, 3 અને 4

(A)

3. તાજેતરમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ કોલકાતામાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ ખાતે 'વિંધ્યાગીરી' જહાજનું લોકાર્પણ કર્યુ હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ જહાજ પ્રોજેક્ટ 17A ફ્રિગેટ શ્રેણીમાં છઠ્ઠું જહાજ છે.
2. તેનું નામ કર્ણાટકની એક પર્વતમાળા પરથી રાખવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.


(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.
(C) વિધાન 1 અને 2 બંને સાચા છે.
(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે.

(C)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RBI મોનેટરી પોલિસી કમિટીએ પોલિસી દરો યથાવત રાખ્યા

તાજેતરમાં RBI મોનેટરી પોલિસી કમિટી (MPC) 8 થી 10 ઓગસ્ટ 2023 દરમિયાન યોજાઈ હતી.



- રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ની મોનેટરી પોલિસી કમિટી (MPC)એ ઉભરતી મેક્રો ઈકોનોમિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલિસી દરો યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.
- આર્થિક વૃદ્ધિ અને ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે RBIએ સર્વસંમતિથી પોલિસી રેપો રેટને 6.5 ટકા પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.
- રિટેલ ફુગાવાની આગાહી ચાલુ નાણાકીય વર્ષ માટે 30 બેસિસ પોઈન્ટ વધીને 5.4% થઈ છે.
- આ ઉપરાંત SDF 6.25% તથા MSF અને બેંક રેટ 6.75% પર યથાવત રાખવામાં આવ્યા છે.

### RBI બેંકના વર્તમાન દરો

| ક્રમ | ઈન્ડિકેટર્સ | વ્યાજદર (ટકામાં) |
|---|---|---|
| 1 | રેપો રેટ | 6.50% |
| 2 | SDF | 6.25% |
| 3 | MSF | 6.75% |
| 4 | બેંક રેટ | 6.75% |
| 5 | CRR | 4.50% |
| 6 | SLR | 18.00% |

**નોંધ :** (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને રેપો રેટ કહે છે.

(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.

(3) CRRનું પૂરું નામ 'Cash Reserve Ratio' છે.

(4) SLRનું પૂરું નામ 'Statutory Liquidity Ratio' છે.

(5) MSFનું પૂરું નામ 'Marginal Standing Facility' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાણાકીય નીતિ સમિતિ(MPC) શું છે ?

RBI એક્ટ, 1934ના સુધારેલા (2016માં) કલમ 45ZB હેઠળ કેન્દ્ર સરકારને છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની રચના કરવાની સત્તા આપવામાં આવી છે.

- મોનેટરી પોલિસી કમિટી ફુગાવાના લક્ષ્યને હાંસલ કરવા માટે જરૂરી નીતિગત વ્યાજદર (રેપો રેટ) નક્કી કરે છે.

## MPCની રચના

કલમ 45ZBમાં જણાવ્યા મુજબ MPCમાં 6 સભ્યો હશે :

(a) RBI ગવર્નર તેના હોદ્દેદાર અધ્યક્ષ તરીકે,

(b) નાણાકીય નીતિના પ્રભારી ડેપ્યુટી ગવર્નર,

(c) સેન્ટ્રલ બોર્ડ દ્વારા નોમિનેટ કરવામાં આવનાર બેંકના અધિકારી

(d) કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ વ્યક્તિની નિમણૂક કરવામાં આવશે.

નોંધ : નિમણૂકની આ શ્રેણી 'ક્ષમતા, પ્રામાણિકતા અને સ્થાયી, અર્થશાસ્ત્ર અથવા બેંકિંગ અથવા નાણાકીય અથવા નાણાકીય નીતિના ક્ષેત્રમાં જ્ઞાન અને અનુભવ ધરાવતા વ્યક્તિઓ'માંથી હોવી જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાણાકીય નીતિના ઘટકો

નાણાકીય નીતિના અમલીકરણ માટે ઘણા પ્રત્યક્ષ અને પરોક્ષ સાધનો અથવા ઘટકોનો ઉપયોગ થાય છે જે નીચે મુજબ છે :

(1) રેપો રેટ

(2) સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી (SDF) દર

(3) માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) દર

(4) લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF)

(5) કોરિડોર

(6) રિવર્સ રેપો રેટ

(7) બેંક રેટ

(8) રિઝર્વ રેશિયો (CRR)

(9) સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો (SLR)

(10) ઓપન માર્કેટ ઓપરેશન્સ

# યુરિયા ગોલ્ડ ખાતર (Urea Gold Fertiliser)



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાવાર રીતે 'યુરિયા ગોલ્ડ ખાતર' (Urea Gold Fertiliser) લોન્ચ કર્યુ હતું.

- યુરિયા ગોલ્ડને રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (RCF) દ્વારા વિકસાવવામાં આવ્યું છે, જે જાહેર ક્ષેત્રની ભારતની અગ્રણી ખાતર અને રાસાયણિક ઉત્પાદન કંપની છે.
- યુરિયા ગોલ્ડના ઉપયોગથી ખરીફ અને રવિ સહિત તમામ પાકોની ઉપજમાં વધારો થશે, તેનાથી ખેડૂતોની આવકમાં વધારો થશે.

## યુરિયા ગોલ્ડ

યુરિયા ગોલ્ડ 37% નાઈટ્રોજન (N) અને 17% સલ્ફર (S) સાથે સંયોજન ખાતર બનાવવા માટે સલ્ફર સાથે યુરિયાને મિશ્રિત કરીને બનાવવામાં આવે છે.

- આ પોષક મિશ્રણ બે પ્રાથમિક ઉદ્દેશ્ય પૂરા કરે છે :

(1) ભારતીય જમીનમાં સલ્ફરની જરૂરિયાત પૂર્ણ કરવી,

(2) નાઈટ્રોજન વપરાશ કાર્યક્ષમતા (NUE) વધારવી.

- સામાન્ય યુરિયા એ ભારતમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતુ ખાતર છે, કારણ કે 46% N (નાઈટ્રોજન) છોડના વિકાસ માટે આવશ્યક પોષક તત્ત્વો પ્રદાન કરે છે.

## વિશેષતા

### જમીનની ઉણપને દૂર કરવી

ભારતીય જમીનમાં સલ્ફરની ઉણપ હોય છે, જે એક આવશ્યક તત્ત્વ છે. ખાસ કરીને તેલીબિયાં અને કઠોળ માટે મહત્વપૂર્ણ છે.

- ખાતરની રચનામાં સલ્ફરનો સમાવેશ કરીને 'યુરિયા ગોલ્ડ' સલ્ફર આધારિત પાકોની ચોક્કસ જરૂરિયાતોને પહોંચી વળવા માટે વ્યાપક પોષક તત્ત્વોનો પુરવઠો પૂરો પાડવાનો હેતુ ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### નાઈટ્રોજન કાર્યક્ષમતા વધારવી

યુરિયા ગોલ્ડની મુખ્ય નવીનતા એ નાઈટ્રોજન ઉપયોગ કાર્યક્ષમતા (NUE) સુધારવાની તેની ક્ષમતા છે.

- યુરિયા પર સલ્ફર કોટિંગ નાઈટ્રોજનના ધીમા પ્રકાશને સક્ષમ કરે છે, જે લાંબા સમય સુધી પોષક તત્ત્વોની ઉપલબ્ધતા પૂરી પાડે છે.
- પરિણામે છોડ લાંબા સમય સુધી તેમનો લીલો રંગ જાળવી રાખે છે. આ ઘટના ખેડૂતોને તેમના ઉપયોગની આવર્તન ઘટાડવાનું કારણ બની શકે છે.

### સંભવિત ઉપજમાં વધારો

- યુરિયા ગોલ્ડ પોષક તત્ત્વોના સુધારેલા ઉપયોગ દ્વારા પાકની ઉપજ વધારવાની ક્ષમતા ધરાવે છે.

### ઉચ્ચ આવક

- યુરિયા ગોલ્ડ પાકની ઉપજ અને ગુણવત્તામાં વધારો કરીને ખેડૂતોની આવકમાં વધારો કરી શકે છે જ્યારે ખાતરની કિંમત અને ઉપયોગની આવર્તન ઘટાડે છે.

નોંધ : (1) યુરિયા એ સફેદ સ્ફટિકીય સંયોજન છે જે સામાન્ય રીતે કૃત્રિમ ખાતર તરીકે ખેતીમાં વપરાય છે.

(2) યુરિયા એ ભારતમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતુ ખાતર છે, જેનો વપરાશ/વેચાણ 2009-10 અને 2022-23 વચ્ચે 26.7 મિલિયન ટન (MT)થી વધીને 35.7 મિલિયન ટન થવાની ધારણા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રબલ રિવોલ્વર : ભારતની સૌપ્રથમ લોન્ગ રેન્જ રિવોલ્વર

ભારતે 18 ઓગસ્ટ, 2023ના રોજ તેની પ્રથમ લોન્ગ–રેન્જ રિવોલ્વર ‘પ્રબલ’ (Prabal) લોન્ચ કરી છે.

- એડવાન્સ વેપન્સ એન્ડ ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ (AWEIL) દ્વારા ઉત્પાદિત આ .32 બોર રિવોલ્વર 50 મીટર સુધીની ફાયરિંગ રેન્જ ધરાવે છે.
- નોંધનીય રીતે પ્રબલમાં સાઈડ સ્વિંગ સિલિન્ડર છે, જે એક અનન્ય ડિઝાઈન સુવિધા છે જે તેની ઉપયોગીતાને વધારે છે.
- માત્ર 700 ગ્રામ વજન ધરાવતી અને યુઝર–ફ્રેન્ડલી ફીચર્સથી સજ્જ ‘પ્રબલ’ મહિલાઓ માટે અનુકૂળ અને સલામત વિકલ્પ હોવાનું માનવામાં આવે છે.

નોંધ : (1) એડવાન્સ વેપન્સ એન્ડ ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ (AWEIL) ઉત્તરપ્રદેશના કાનપુરમાં સ્થિત છે.

(2) તે સંરક્ષણ સાધનોના ઉત્પાદનમાં વિશેષતા ધરાવતું રાજ્ય–માલિકીનું સાહસ છે.

(3) તેની સ્થાપના 2021માં ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ (OFB)ના પુનર્ગઠન અને કોર્પોરેટાઈઝેશનના ભાગરૂપે કરવામાં આવી હતી.

**1.** તાજેતરમાં RBIએ (ઓગસ્ટ, 2023માં) તેની નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠક યોજી હતી. જેમાં દરો યથાવત રાખ્યા હતા. આ અંતર્ગત રેપો રેટ.............પર યથાવત છે.

(A) 4.50% (B) 5.50% (C) 6.50% (D) 8.0%

**(C)**

**2.** ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં નીચેનાનો વિચાર કરો :

1. બેંક દર
2. ઓપન માર્કેટ ઓપરેશન્સ
3. જાહેર દેવુ
4. જાહેર આવક

ઉપરોક્તમાંથી કયું મોનેટરી પોલિસીનો ઘટક/ઘટકો છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1 અને 2 (D) 1, 2, 3 અને 4

**(C)**

**3.** તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાવાર રીતે 'યુરિયા ગોલ્ડ ખાતર' (Urea Gold Fertiliser) લોન્ચ કર્યુ હતું. તેના વિશે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. યુરિયા ગોલ્ડને રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (RCF) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
2. યુરિયા ગોલ્ડને GNFC દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
3. યુરિયા ગોલ્ડ 37% નાઈટ્રોજન(N) અને 17% સલ્ફર(S) સાથે સંયોજન ખાતર બનાવવા માટે સલ્ફર સાથે યુરિયાને મિશ્રિત કરીને બનાવવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 3

**(C)**

**4.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'પ્રબલ' (Prabal) શું છે ?

(A) ભારતની સૌપ્રથમ લોન્ગ રેન્જ રિવોલ્વર

(B) પ્રોજેક્ટ 17A ફ્રિગેટ શ્રેણીનું ચોથું જહાજ


(C) DRDO દ્વારા નિર્મિત યુદ્ધ ટેન્ક

(D) ISRO દ્વારા લોન્ચ કરાયેલ સિંગાપોરનો એક સેટેલાઈટ

**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વકર્મા યોજના (Vishwakarma Yojna)




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટ, 2023ના રોજ સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે 'વિશ્વકર્મા યોજના'ની ઘોષણા કરી હતી.

- જે પરંપરાગત શ્રમિકો અને કારીગરોને લાભ આપવા માટે રચાયેલ એક યોજના છે.
- આ યોજના 17 સપ્ટેમ્બરે વિશ્વકર્મા જયંતિ પર લોન્ચ કરવામાં આવશે.

### વિશ્વકર્મા યોજના શું છે ?

વિશ્વકર્મા યોજના એ ખાસ કરીને ઓબીસી સમુદાયના પરંપરાગત હસ્તકલા કૌશલ્યમાં કુશળ વ્યક્તિઓના ઉત્થાન માટે શરૂ કરાયેલ એક અગ્રણી યોજના છે.

- આ યોજનાનું નામ ભગવાન વિશ્વકર્માના નામ પરથી રાખવામાં આવ્યું છે. ભગવાન વિશ્વકર્માને વિશ્વના પ્રથમ એન્જિનિયર અને આર્કિટેક માનવામાં આવે છે.

### યોજનાની મુખ્ય વિશેષતા

#### માન્યતા અને સમર્થન

યોજનામાં નોંધાયેલા કારીગરો અને શિલ્પકારોને પીએમ વિશ્વકર્મા પ્રમાણપત્ર અને ઓળખ કાર્ડ આપવામાં આવશે.

- આ કામદારો અને કારિગરો 5%ના વ્યાજ દરે રૂ. 1 લાખ (પ્રથમ હપ્તો) અને રૂ. 2 લાખ (બીજો હપ્તો) સુધીની કોલેટરલ–મુક્ત લોન સહાય માટે પણ પાત્ર બનશે.

#### કૌશલ્ય વિકાસ અને સશક્તિકરણ

વિશ્વકર્મા યોજનાને 2023-2024 થી 2027-2028 સુધીના પાંચ નાણાકીય વર્ષ માટે 13000 કરોડથી 15000 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

- આ યોજના કૌશલ્ય પ્રશિક્ષણ માટે રૂ. 500 અને આધુનિક સાધનોની ખરીદી માટે રૂ. 1500નું સ્ટાઈપેન્ડ પ્રદાન કરે છે.

#### વિસ્તાર અને કવરેજ

આ યોજના ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં 18 પરંપરાગત વેપારોને આવરી લે છે.

- આ વ્યવસાયોમાં સુથાર, હોડી બનાવનાર, લુહાર, કુંભાર, શિલ્પકાર, મોચી, દરજી વગેરેનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### નોંધણી અને અમલીકરણ

વિશ્વકર્મા યોજના માટેની નોંધણી ગામડાઓમાં સામાન્ય સેવા કેન્દ્રો પર પૂર્ણ કરી શકાય છે.

- જ્યારે કેન્દ્ર સરકાર આ યોજના માટે ભંડોળ પૂરું પાડશે ત્યારે રાજ્ય સરકારો પાસેથી પણ સહકાર માંગવામાં આવશે.

### મૂલ્ય શૃંખલાઓ સાથે સંકલન

- આ યોજનાનો નોંધપાત્ર ઉદ્દેશ્ય તે સુનિશ્ચિત કરવાનો છે કે કારીગરો સ્થાનિક અને વૈશ્વિક બંને મૂલ્ય શૃંખલાઓમાં એકીકૃત રીતે સંકલિત થાય, જેથી તેમની બજારની પહોંચ અને તકો વધે.

## લખપતિ દીદી યોજના (Lakhpati Didi Scheme)

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટ, 2023ના રોજ સ્વાતંત્ર્ય દિવસ પર્વ નિમિત્તે 'લખપતિ દીદી યોજના'ની ઘોષણા કરી હતી.



### લખપતિ દીદી યોજના

સરકારનું લક્ષ્ય ગામડાઓમાં બે કરોડ 'લખપતિ દીદી' (સમૃદ્ધ બહેનો/Prosperous Sisters) બનાવવાનું છે.

- આ યોજના ગરીબી નાબૂદી અને આર્થિક સશક્તિકરણના સર્વોચ્ચ મિશનને અનુરૂપ છે.
- આ યોજના હેઠળ મહિલાઓને કૌશલ્ય પ્રશિક્ષણ આપવામાં આવશે જેથી તેઓ વાર્ષિક 1 લાખ રૂપિયાથી વધુ કમાણી કરી શકે.

### વિશેષતાઓ

કૃષિ પ્રવૃત્તિઓ માટે મહિલા સ્વ–સહાય જૂથો (SHG)ને ડ્રોન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- આ પહેલનો ઉદ્દેશ્ય ગ્રામીણ સમુદાયોમાં મહિલાઓને સશક્તિકરણ કરતી વખતે કૃષિ લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવા માટે ટેક્નોલોજીનો લાભ આપવાનો છે.
- લગભગ 15,000 મહિલા સ્વ–સહાય જૂથોને ડ્રોન ચલાવવા અને રિપેર કરવા માટે તાલીમ આપવામાં આવશે.
- આ તાલીમ મહિલાઓને અત્યાધુનિક કૌશલ્યો તેમજ આવક ઉભી કરવાની નવી તકો પૂરી પાડશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ડ્રોન ચોકસાઈવાળી ખેતી, પાકની દેખરેખ અને જંતુ નિયંત્રણ દ્વારા કૃષિમાં ક્રાંતી લાવવાની ક્ષમતા ધરાવે છે.
- આ યોજના હેઠળ મહિલાઓને LED બલ્બ બનાવવા, પ્લમ્બિંગ અને અન્ય કૌશલ્યોની તાલીમ પણ આપવામાં આવશે.

નોંધ : (1) સ્વ–સહાય જૂથ (SHG) એ લોકોનું અનૌપચારિક સંગઠન છે જ્યાં લોકો તેમની જીવનશૈલીમાં સુધારો કેવી રીતે કરવો તે અંગે ચર્ચા કરવામાં આવે છે.

(2) તેને સમાન સામાજિક–આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતા અને સામૂહિક રીતે એક સામાન્ય ઉદ્દેશ્યને પૂર્ણ કરવાની ઈચ્છા ધરાવતા લોકોના સ્વ–શાસિત જૂથ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે.

## પ્રધાનમંત્રી - ઈલેક્ટ્રિક બસ સેવા (PM-eBUS Sewa)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળની કેબિનેટે **'PM-eBUS Sewa'** અથવા 'પ્રધાનમંત્રી – ઈલેક્ટ્રિક બસ સેવા'ને મંજૂરી આપી છે.




- જેનો હેતુ જાહેર–ખાનગી ભાગીદારી મોડલ દ્વારા 10,000 ઈલેક્ટ્રિક બસો રજૂ કરીને શહેરોમાં બસ સંચાલનને વેગ આપવાનો છે.

### પ્રધાનમંત્રી-ઈલેક્ટ્રિક બસ સેવા

- પ્રધાનમંત્રી–ઈલેક્ટ્રિક બસ સેવા યોજનાનો હેતુ શહેરી પરિવહન કાર્યક્ષમતા વધારવા અને પર્યાવરણને અનુકૂળ પ્રથાઓને પ્રોત્સાહન આપવાનું છે.

### વિભાગ-A : સિટી બસ સેવાઓમાં વધારો (169 શહેરો)

આ બ્લોક જાહેર–ખાનગી ભાગીદારી મોડલ હેઠળ 10,000 ઈ–બસો દ્વારા શહેરી પરિવહનને મજબૂત કરવા માટે સમર્પિત છે.

- આ યોજના ઈલેક્ટ્રિક બસોના અસરકારક સંચાલન માટે સબસ્ટેશન જેવા નિર્ણાયક ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ ઉપરાંત બસ ડેપો ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા અથવા અપગ્રેડ કરવાની જરૂરિયાતોને ઓળખે છે.

## વિભાગ-B : ગ્રીન અર્બન મોબિલિટી ઈનિશિયેટિવ્સ (181 શહેરો)

આ વિભાગમાં બસોની પ્રાથમિકતા વધારવી, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવો, મલ્ટીમોડલ ઈન્ટરચેન્જ સુવિધાઓ પ્રદાન કરવી, નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC) આધારિત સ્વચાલિત ભાડુ વસૂલાત સિસ્ટમ લાગુ કરવી અને જરૂરી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનો સમાવેશ થાય છે.

- આ યોજનાનો હેતુ આ ટકાઉ પ્રથાઓને એકીકૃત કરીને શહેરી ગતિશિલતાના લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવાનો છે.

## લક્ષિત વસતી અને પહોંચેલા વિસ્તારો

આ યોજના 2011ની વસતી ગણતરીના ડેટાના આધારે ત્રણ લાખ અને તેથી વધુ વસતી ધરાવતા શહેરોને આવરી લેશે.

- આ વ્યાપક અભિગમ કેન્દ્રશાસિત પ્રદેશોની તમામ રાજધાનીઓ, દેશના ઉત્તરપૂર્વીય ભાગના પ્રદેશો અને પહાડી રાજ્યોને આવરી લે છે.
- આ યોજનાની એક મહત્ત્વની વિશેષતા એ છે કે તેનું ધ્યાન સંગઠિત બસ સેવાઓનો અભાવ ધરાવતા શહેરો અને શહેરી ગતિશીલતાના અંતરને દૂર કરવા પર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કામગીરી અને સુવિધા

યોજનાનું ઓપરેશનલ પાસું નિયુક્ત બસ ઓપરેટરોને ચૂકવણી કરતી વખતે બસ સેવાઓનું સંચાલન અને જાળવણી કરવાની જવાબદારી રાજ્યો અને શહેરો પર મૂકે છે.

- કેન્દ્ર સરકારની ભૂમિકા યોજનામાં જણાવ્યા મુજબ સબસિડી આપીને આ પ્રવૃત્તિઓને સરળ બનાવવા અને સમર્થન આપવાની છે.

## યોજનાનું મહત્ત્વ

આ યોજના 45,000 થી 55,000 લોકોની અંદાજિત રોજગાર શ્રેણી સાથે સીધી રોજગારની તકો ઉત્પન્ન કરે તેવી અપેક્ષા છે.

- આ વધારો સિટી બસ ઓપરેશન્સમાં ઈલેક્ટ્રિક બસોની તૈનાતીથી આવશે, જે શહેરી ગતિશિલતાની જરૂરિયાતોને પહોંચી વળવા સાથે આર્થિક વૃદ્ધિમાં ફાળો આપશે.
- તેનાથી ઈ–મોબિલિટી અપનાવવામાં આવે છે, જે જરૂરી મીટરની પાછળ વીજળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વ્યાપક સમર્થન પર આધારિત છે.

- આ ઉપરાંત શહેરોને <u>ગ્રીન અર્બન મોબિલિટી</u> પહેલના ભાગરૂપે ક્રિટિકલ ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે સમર્થન પ્રાપ્ત થશે.
- આ સર્વગ્રાહી અભિગમ માત્ર ઊર્જા–કાર્યક્ષમ ઈલેક્ટ્રિક બસોને અપનાવવાની પ્રક્રિયાને વેગ આપે છે પરંતુ ઈ–મોબિલિટી સેક્ટરમાં ઈનોવેશનને પણ પ્રોત્સાહન આપે છે.
- <u>અવાજ અને વાયુ પ્રદૂષણ ઘટાડવાની</u> સાથે કાર્બન ઉત્સર્જનને અંકુશમાં લઈને, આ યોજના વ્યાપક ટકાઉપણું લક્ષ્ય હાંસલ કરશે.
- બસ આધારિત જાહેર પરિવહનનો વધતો ઉપયોગ પણ પરિવર્તન લાવશે, જે <u>ગ્રીનહાઉસ ગેસ (GHG)</u> ઉત્સર્જનમાં ઘટાડો તરફ દોરી જશે.



**1.** 'વિશ્વકર્મા યોજના' (Vishwakarma Yojna) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજનાનું નામ ભગવાન વિશ્વકર્માના નામ પરથી રાખવામાં આવ્યું છે.
2. તે ખાસ કરીને ઓબીસી સમુદાયના પરંપરાગત હસ્તકલા કૌશલ્યમાં કુશળ વ્યક્તિઓને ઉત્થાન માટે શરૂ કરાયેલ એક અગ્રણી યોજના છે.
3. આ યોજનાને 2023-24 થી 2027-28 સુધીના પાંચ નાણાકીય વર્ષ માટે 13000 કરોડથી 15000 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.
4. આ યોજનાને પાત્ર કામદારો અને કારીગરો 5%ના વ્યાજ દરે રૂ. 1 લાખ (પ્રથમ હપ્તો) અને રૂ. 2 લાખ (બીજો હપ્તો) સુધીની કોલેટરલ મુક્ત લોન સહાય માટે પાત્ર બનશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 3 અને 4 (B) 1, 2, 3 અને 4

(C) માત્ર 3 અને 4 (D) માત્ર 1, 2 અને 4

**(B)**

**2.** 'લખપતિ દીદી યોજના' (Lakhpati Didi Scheme) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. 'લખપતિ દીદી યોજના' (સમૃદ્ધ બહેનો) હેઠળ મહિલાઓને કૌશલ્ય પ્રશિક્ષણ આપવામાં આવશે જેથી તેઓ વાર્ષિક 1 લાખ રૂપિયાથી વધુ કમાણી કરી શકે.
2. આ યોજના અંતર્ગત કૃષિ પ્રવૃત્તિ માટે મહિલા સ્વ–સહાય જૂથો (SHG)ને ડ્રોન ઉપલબ્ધ કરાવવામાં આવશે.
3. આ યોજનાનો ઉદ્દેશ્ય ગ્રામીણ સમુદાયોમાં મહિલાઓને સશક્તિકરણ કરતી વખતે કૃષિ લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવા માટે ટેક્નોલોજીનો લાભ લેવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 3

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

**(D)**

**3.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળની કેબિનેટે 'PM-eBus Sewa' અથવા 'પ્રધાનમંત્રી – ઈલેક્ટ્રિક બસ સેવા'ને મંજૂરી આપી છે. તેના વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) તેનો હેતુ જાહેર–ખાનગી ભાગીદારી મોડલ દ્વારા 10,000 ઈલેક્ટ્રિક બસો રજૂ કરીને શહેરોમાં બસ સંચાલનને વેગ આપવાનો છે.

(B) આ યોજના વર્ષ 2023-24 થી વર્ષ 2028-29ના સમયગાળા માટે અમલમાં રહેશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) પૈકી એકપણ નહીં

**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 19 ઓગસ્ટ, (1) વિશ્વ ફોટોગ્રાફી દિવસ (World Photography Day)
## (2) વિશ્વ માનવતા દિવસ (World Humanitarian Day)

### વિશ્વ માનવતા દિવસ




સમગ્ર વિશ્વમાં માનવતાવાદી વિચારસરણીનો વ્યાપ વધારવા માટે તેમજ માનવતાવાદી કાર્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 19 ઓગસ્ટના રોજ 'વિશ્વ માનવતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો હેતુ માનવતાવાદી કાર્યો કરનાર લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પણ છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 2008માં આ દિવસની ઉજવણી માટે મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ 19 ઓગસ્ટ, 2009થી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2023ની વિશ્વ માનવતા દિવસની થીમ 'No Matter What' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મેટ્ટી બનાનાને GI ટેગ



તમિલનાડુના કન્યાકુમારી જિલ્લાની મૂળ જાત 'મેટ્ટી બનાના' અથવા 'મેટ્ટી કેળા'ને તાજેતરમાં તેની વિશિષ્ટ વિશેષતાઓ અને ગુણો માટે GI ટેગ આપવામાં આવ્યો છે.

- મેટ્ટી કેળાના છ પ્રકારો છે જે રંગ, સુગંધ, સ્વાદ અને રચનામાં ભિન્ન છે, તેમજ બાળકોના ખોરાક અને ઔષધિય ઉપયોગ માટે યોગ્ય છે.
- આ કેળાને સામાન્ય રીતે 'બેબી બનાના' તરીકે ઓળખવામાં આવે છે.
- તે કન્યાકુમારીની ખાસ આબોહવા અને જમીનમાં સારી રીતે ઉગે છે.
- સ્થાનિક સંસ્કૃતિમાં મેટ્ટી કેળાનું નોંધપાત્ર મુલ્ય છે, ખાસ કરીને લગ્ન પ્રસંગના સંદર્ભમાં...

## રાજકોટ AIIMS હોસ્પિટલના અધ્યક્ષ તરીકે ડો. વલ્લભ કથીરિયાની નિમણૂક



ગુજરાતની એકમાત્ર AIIMS હોસ્પિટલ રાજકોટના અધ્યક્ષ તરીકે રાજકોટના પૂર્વ સંસદ અને કેન્દ્ર સરકારના પૂર્વ મંત્રી ડો. વલ્લભ કથીરિયાની નિમૂણક કરવામાં આવી છે.

- નોંધનીય છે કે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખ માંડવીયાએ પણ આ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.
- ડો. વલ્લભ કથીરિયા રાજકોટ બેઠક પરથી લોકસભાના સંસદ રહી ચૂકયા છે.
- તેઓ શ્રી અટલ બિહારી વાજપેયી સરકારમાં મંત્રી પણ રહી ચૂકયા છે.
- આ ઉપરાંત તેઓને ગુજરાતના 'ગૌ સેવા આયોગ'ના અધ્યક્ષ પણ બનાવવામાં આવ્યા હતા.

નોંધ : (1) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 31 ડિસેમ્બર, 2020ના રોજ રાજકોટ AIIMSનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત દિલ્હીથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કર્યુ હતું.

(2) AIIMSનું પૂરું નામ 'All India Institute of Medical Science' છે.

(3) રાજકોટ એઈમ્સના લોગોમાં ગીર સિંહ, હીરો, ખુલ્લુ પુસ્તક, વિંગ્સ, કરોડરજ્જુ સમાન સ્ટાફ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સ્ટાર, ચરખો, લીલો રંગ, બાંધણીની ડિઝાઈન, દાંડીયા, મહાસાગર અને બે સંસ્કૃત શ્લોકનો સમાવેશ થાય છે.

(4) લોગોમાં સમાવિષ્ટ બે શ્લોક 'સર્વે સન્તુ નિરોગ્ય' અને 'વિદ્યા અમૃતમ શ્રુતે' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે 'સુત્રા' નામના સિંહનું નિધન



તાજેતરમાં ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે 'સુત્રા' નામના નર સિંહનું મૃત્યુ થયું છે.

- આ સુત્રા નામના સિંહની ઉંમર 16 વર્ષની હતી.
- આ સિંહ વર્ષ 2018થી ઈન્દ્રોડા ઉદ્યાનમાં જીવન વિતાવી રહ્યો હતો.
- આ સિંહ ગીર સોમનાથના સુત્રાપાડાના જંગલમાંથી પકડાયો હતો આથી, તેનું નામ સુત્રા રાખવામાં આવ્યું હતું.
- ત્યારબાદ તેને જૂનાગઢના સક્કરબાગ ઝૂ સહિત વિવિધ જગ્યાએ રાખવામાં આવ્યો હતો.

1. 'વિશ્વ ફોટોગ્રાફી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ **(C)**

2. 'વિશ્વ માનવતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ **(C)**

3. તાજેતરમાં 'મેટ્ટી બનાના' અથવા 'મેટ્ટી કેળા'ને GI ટેગ આપવામાં આવ્યો છે. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) તમિલનાડુ (B) કેરળ (C) આંધ્રપ્રદેશ (D) ગોવા **(A)**

4. તાજેતરમાં રાજકોટ AIIMS હોસ્પિટલના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) ડો. ભરત પટેલ (B) ડો. અશ્વિની જૈન

(C) ડો વલ્લભ કથીરિયા (D) ડો. સંજય મિશ્રા **(C)**

5. રાજકોટ AIIMS ના લોગોમાં કયા બે સંસ્કૃત ભાષાના શ્લોકનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) સર્વે સન્તુ નિરોગ્ય (B) વિદ્યા અમૃતમ શ્રુતે

(C) (A) અને (B) બંને (D) એકપણ નહીં **(C)**

6. તાજેતરમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે............નામના સિંહનું નિધન થયું છે.

(A) સુત્રા (B) વેરા (C) કેશરી (D) વિરાજ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






અન્ય મહત્ત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **ગાંધીનગરમાં મેડટેક એક્સપો-2023નો પ્રારંભ**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સ, ફિક્કી અને મેડટેક ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન આયોજિત ઈન્ડિયા મેડટેક એક્સપો-2023નો ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ભારતના કુલ ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગમાં ગુજરાત 30 ટકા જેટલો હિસ્સો ધરાવે છે. તેમજ રાજ્યમાં ઓછા ખર્ચે ઉચ્ચ ગુણવત્તાયુક્ત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આગામી વાઈબ્રન્ટ સમિટ-2024માં સહભાગી થવા ફાર્મા–મેડિકલ ડિવાઈસીસ સેકટરના ઉદ્યોગકારોને નિમંત્રણ પાઠવ્યું હતું. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે ફાર્માસ્યુટિકલ સેકટરની ઈન્ડસ્ટ્રીઝ માટે ફેવરિટ ડેસ્ટિનેશન પણ છે. સૌરાષ્ટ્રમાં મેડિકલ ડિવાઈસીસ પાર્ક અને અંકલેશ્વર નજીક બલ્ક ડ્રગ પાર્કના નિર્માણ કાર્ય પ્રગતિમાં છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **કેરળ વિધાનસભાએ રાજ્યનું નામ બદલવાનો ઠરાવ પસાર કર્યો**

કેરળ રાજ્ય તેની પરંપરાગત ઓળખ ફરી મેળવવા માંગે છે. સ્થાનિક મલયાલમ ભાષામાં કેરળને હંમેશા ‘કેરલમ’ તરીકે ઓળખવામાં આવે છે. આ નામ પ્રદેશની સંસ્કૃતિ અને વારસા સાથે ઊંડે સુધી સંકળાયેલું છે. તાજેતરમાં કેરળના મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની વિધાનસભામાં એક ઠરાવ રજૂ કર્યો હતો. જેમાં કેરળનું નામ બદલીને તેનું પરંપરાગત મલયાલમ નામ ‘કેરલમ’ રાખવાની માંગ કરવામાં આવી હતી. આ પરિવર્તનની ઊંડાઈને સમજીને રાજ્ય વિધાનસભાએ સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો. જોકે રાજ્યના નામ બદલવાની પ્રક્રિયા બંધારણીય પ્રક્રિયા સાથે જોડાયેલી છે.

➤ **પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન (PM-USHA)**




14 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ હજુ સુધી શિક્ષણ મંત્રાલય સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા નથી, જેમાં પ્રધાનમંત્રી ઉચ્ચત્તર શિક્ષા અભિયાન (PM-USHA) હેઠળ આગામી ત્રણ વર્ષ માટે ભંડોળ મેળવવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ના અમલીકરણને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. MoUમાં આયોજન, અમલીકરણ અને દેખરેખ, રાજ્યની દરખાસ્તોને વધુ સારી રીતે એકીકરણ માટે NEP સાથે સંરેખિત કરવાની જોગવાઈઓનો સમાવેશ થાય છે. આ યોજના રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોને તેમની જરૂરિયાત અનુસાર પ્રવૃત્તિઓ માટે વધુ અસરકારક સંસાધન ફાળવણી અને ઘટકોને સુવ્યવસ્થિત કરવા માટે સુગમતા પૂરી પાડે છે. રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) યોજના રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પ્રકાશમાં 'પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન PM-USHA' તરીકે જૂન 2023માં શરૂ કરવામાં આવી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **A-HELP કાર્યક્રમ**




તાજેતરમાં કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રીશ્રીએ 'A-HELP' (Accredited Agent for Augmentation of Health and Production of Livestock) કાર્યક્રમનું ઉદઘાટન કર્યુ હતું. આ કાર્યક્રમ આઝાદી કા અમૃત મહોત્સવનો ભાગ છે અને પશુધન વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે પશુધન જાગૃતિ અભિયાન અને રાષ્ટ્રીય ગોકુલ મિશનના ધ્યેયો છે. પશુધન જાગૃતિ અભિયાન પશુધન આરોગ્ય, રોગ વ્યવસ્થાપન અને પશુ વંધ્યત્વના પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રશિક્ષિત મહિલા એજન્ટોને 'A-HELP' પ્રોગ્રામ હેઠળ પશુ રોગ નિયંત્રણ, કૃત્રિમ બીજદાન, પશુ ટેગિંગ અને પશુધન વીમા માટે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. મહિલાઓના સશક્તિકરણ અને પશુધનને વધારવાના હેતુથી 'A-HELP' કાર્યક્રમ ગ્રામીણ સમુદાયોની સામાજિક – આર્થિક પ્રગતિમાં ફાળો આપશે.

➤ **ઉત્તરપ્રદેશ સરકારે મહાકુંભ 2025 દરમિયાન આવાસ માટે ખાનગી પેઢી સાથે ભાગીદારી કરી**

ઉત્તરપ્રદેશ સરકારે 2025માં પ્રયાગરાજ મહાકુંભ દરમિયાન લગભગ 5000 વિશેષ આવાસ પ્રદાન કરવા માટે એક ખાનગી પેઢી સાથે કરાર કર્યો છે. આવાસમાં હોમસ્ટે, બેડ અને નાસ્તાની સંસ્થાઓ અને રાજ્યભરના મુખ્ય શહેરો અને અગ્રણી સ્થળોએ પેઈંગ યુનિટનો સમાવેશ થશે. ડિરોક્ટોરેટ ઓફ ટૂરિઝમ અને લુઝર્ન વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ (OGA)એ આ પહેલ પર સહયોગ કરવા માટે વ્યૂહાત્મક (MOU) પર હસ્તાક્ષર કર્યા છે. MOU પાંચ વર્ષની અવધિ સાથે વિવિધ પ્રકારના આવાસ ઓફર કરીને પ્રવાસનને વધારવાનો હેતુ ધરાવે છે. આ ભાગીદારી નોંધપાત્ર છે કારણ કે લગભગ 5000 વિશેષ આવાસ પ્રદાન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. જે પ્રયાગરાજમાં મહાકુંભ મેળા 2025 દરમિયાન આવનારા મોટી સંખ્યામાં મુલાકાતીઓની આવાસની જરૂરિયાતો પૂરી કરશે.

➤ **CCEAએ રેલવે મંત્રાલયના 7 મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી**



આર્થિક બાબતોની કેબિનેટ કમિટી (CCEA)એ રેલવે મંત્રાલયના સાત પ્રોજેક્ટને મંજૂરી આપી છે. મલ્ટિ–ટ્રેકિંગ માટેની દરખાસ્તો કામગીરીને સરળ બનાવશે અને ભીડમાં ઘટાડો કરશે, જેનાથી ભારતીય રેલવેના સૌથી વ્યસ્ત વિભાગો પર જરૂરી માળખાકીય વિકાસ સુનિશ્ચિત થશે. 9 રાજ્યોના 35 જિલ્લાઓને આવરી લેતી યોજનાઓ હાલના ભારતીય રેલવે નેટવર્કને 2339 કિલોમીટર સુધી વિસ્તૃત કરશે અને આ રાજ્યોના લોકો માટે લગભગ 7.06 કરોડ માનવ–દિવસની રોજગારીનું સર્જન કરશે. આ પ્રોજેક્ટ પીએમ–ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનનું પરિણામ છે, જે સંકલિત આયોજન દ્વારા લોકો, માલસામાન અને સેવાઓ માટે સીમલેસ કનેક્ટિવિટી સુવિધા આપે છે.

➤ **ભારત અને WHO ડિજિટલ હેલ્થ પર વૈશ્વિક પહેલ શરૂ કરશે**

ભારત સરકાર અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ગુજરાતના ગાંધીનગરમાં ચાલી રહેલી G20 સમિટ દરમિયાન ડિજિટલ હેલ્થ પર વૈશ્વિક પહેલ શરૂ કરશે. આ વૈશ્વિક પહેલ આરોગ્ય ડેટાને એકસાથે લાવવા, આરોગ્ય પ્લેટફોર્મને જોડવા અને સમગ્ર વિશ્વમાં ડિજિટલ સ્વાસ્થ્યમાં રોકાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમિટનો હેતુ એક મહત્વપૂર્ણ વચગાળાની તબીબી પ્રતિરોધક (MCM)ની સ્થાપના કરવાનો પણ છે તેમાં ભવિષ્યની આરોગ્ય કટોકટી માટે તૈયાર થવા માટે 'નેટવર્ક ઓફ નેટવર્ક' અભિગમનો સમાવેશ થાય છે. વિશ્વવ્યાપી ડિજિટલ પ્લેટફોર્મના ત્રણ ભાગો હશે : એક રોકાણ ટ્રેકર, એક આસ્ક ટ્રેક અને વર્તમાન ડિજિટલ હેલ્થ પ્લેટફોર્મનો સંગ્રહ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નેનોમેકિનિકલ પરીક્ષણ ટેક્નોલોજી**



ભારતીય વૈજ્ઞાનિક ડો. સુદર્શન ફાનીએ અત્યંત નાના પાયે સામગ્રીના ચોક્કસ નેનોકેમિકલ પરીક્ષણ માટે એક નવી પદ્ધતિ વિકસાવી છે. નવી ટેક્નોલોજી નેનોઈન્ડેન્ટેશન ટેસ્ટિંગની ચોકસાઈ અને સચોટતા વધારે છે, જેનાથી ઊંચા દરે ઉચ્ચ પ્રવાહ ક્ષમતા પરીક્ષણ થઈ શકે છે. નેનોઈન્ડેન્ટેશનમાં વિશાળ એપ્લિકેશન છે, જેમાં સેમિકન્ડક્ટર ઉપકરણોની શક્તિને માપવા અને કેન્સર સેલ સંશોધન અને ઉલ્કા નિર્માણ જેવા વિવિધ વિસ્તારોમાં સામગ્રીના ગુણધર્મોને સમજવાનો સમાવેશ થાય છે. નવી પદ્ધતિ ઝડપી, ઉચ્ચ–ચોકસાઈ અને ઉચ્ચ–ચોકસાઈવાળા નેનોઈન્ડિન્ટેશન માપન માટે પ્લેટફોર્મ સેટ કરે છે, જે ભૌતિક શક્તિ માપન સંબંધિત વિવિધ વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રોને અસર કરે છે.

## વિશ્વ

➤ **નાસાનું STEREO પૃથ્વીની નજીકથી ઝડપથી પસાર થયું**



તાજેતરમાં નાસાનું સોલર ટેરેસ્ટ્રીયલ રિલેશન્સ ઓબ્ઝર્વેટરી (STEREO-A) અવકાશયાન તેના પ્રક્ષેપણના લગભગ 17 વર્ષ પછી પ્રથમ વખત પૃથ્વીની નજીકથી પસાર થયું હતું. પૃથ્વી પરથી ઝડપથી પસાર થનાર STEREO-A તેના અવલોકનો સુધારવા માટે NASAની સૌર અને હેલીઓસ્ફેરિક ઓબ્ઝર્વેટરી અને સોલર ડાયનેમિક્સ ઓબ્ઝર્વેટરી સાથે સંકલન કરશે. આ સંકલન દ્વારા અવકાશયાન વિવિધ અંતરથી વિવિધ કદના સૌર લક્ષણો શોધી શકશે. STEREO-A (A એટલે Ahead/આગળ) તેના જુડવા STEREO-B (B એટલે Behind)ની સાથે 2006માં સૂર્યની આસપાસ પૃથ્વી જેવી ભ્રમણકક્ષા રચીને તેની વર્તણૂકનો અભ્યાસ કરવા માટે લોન્ચ કરવામાં આવ્યું હતું. તેમનો પ્રાથમિક ધ્યેય સૂર્યનો સ્ટીરિયોસ્કોપિક વ્યૂ પ્રદાન કરવાનો હતો, જેનાથી વૈજ્ઞાનિકો તેને બહુવિધ દષ્ટિકોણથી અભ્યાસ કરી શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કયા રાજ્યએ 'ગૃહ જ્યોતિ યોજના' શરૂ કરી છે ? – કર્ણાટક

2. કઈ સંસ્થાએ '75 એન્ડેમિક બર્ડ્સ ઓફ ઈન્ડિયા' નામનું પ્રકાશન બહાર પાડયું છે ? – ભારતીય પ્રાણીશાસ્ત્રીય સર્વેક્ષણ

3. 'કુટ્ટીક્કનમ પેલેસ' જે તાજેતરમાં સમાચારમાં હતો તે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલો છે ? – કેરળ

4. 'ભારતીય બૌદ્ધ સંસ્કૃતિ અને હેરિટેજ સેન્ટર' કયા દેશમાં બનાવવામાં આવી રહ્યું છે ? – નેપાળ

5. તાજેતરમાં કઈ સંસ્થાએ 'Still Unprepared' રિપોર્ટ બહાર પાડયો છે ? – Risk Horizons

6. ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં કયો ભારતીય ખેલાડી રનર–અપ રહ્યો છે ? – એચ. એસ. પ્રણય

7. ભારતે કયા દેશના ડિજિટલ ઓળખ પ્રોજેક્ટને સમર્થન આપવા માટે રૂ. 45 કરોડની નાણાકીય સહાય પૂરી પાડી છે ? – શ્રીલંકા

8. કયા કેન્દ્રીય મંત્રાલયે 'સ્ટેટ ઓફ એલિમેન્ટરી એજ્યુકેશન ઈન રૂરલ ઈન્ડિયા' રિપોર્ટ બહાર પાડયો છે ? – શિક્ષણ મંત્રાલય

9. મણિપુરમાં રાહતની દેખરેખ માટે સર્વોચ્ચ અદાલત દ્વારા નિયુક્ત સર્વ–મહિલા પેનલના અધ્યક્ષ કોણ છે ? – જસ્ટિસ ગીતા મિત્તલ

10. કયા રાજ્યએ શાળાઓમાં આદિવાસીઓ માટે 32% ક્વોટા પ્રદાન કર્યો છે ? – છત્તીસગઢ

11. મધ્યસ્થા વિધેયક 2023 અથવા આર્બિટ્રેશન બિલ, 2023નો ઉદ્દેશ્ય લવાદી કાર્યવાહી પૂર્ણ થવામાં લાગતો સમય ઘટાડીને કેટલા દિવસ કરવાનો છે ? – 180 દિવસ

12. આબોહવા પરિવર્તન અને દુષ્કાળના કારણે ટિટિકાકા તળાવ ગંભીર જોખમોનો સામનો કરી રહ્યું છે. તે ............નું સૌથી મોટું તાજા પાણીનું સરોવર છે. – દક્ષિણ અમેરિકા

13. ભારતના કયા પુરાતત્વીય સ્થળે પ્રાચીન 'ક્રિસ્ટલ ક્વાર્ટ્ઝ વેઈટ યુનિટ' મળી આવ્યું છે ? – કીલાડી

14. 'નાલંદા બૌધ ધર્મ પર રાષ્ટ્રીય પરિષદ'નું યજમાન કયું શહેર છે ? – લેહ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**15.** રિલાયન્સ જિયોએ તાજેતરમાં કયા દેશને હાઈ–સ્પીડ ઓપ્ટિક ફાઈબર કેબલ વડે જોડવાનું કામ પૂર્ણ કર્યુ છે ?

– માલદીવ

**16.** 'વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ'એ કયા કેન્દ્રીય મંત્રાલય સાથે તેમનો સહયોગ શરૂ કર્યો છે ?

– ગ્રામીણ વિકાસ મંત્રાલય

**17.** ....................ના મુખ્યમંત્રીશ્રીએ 'અબુઆ આવાસ યોજના' શરૂ કરવાની જાહેરાત કરી હતી, જે 15000 કરોડ રૂપિયાના ખર્ચે આગામી બે વર્ષમાં જરૂરિયાતમંદો માટે મકાનો બનાવવાનો હેતુ ધરાવે છે. – ઝારખંડ

**18.** તાજેતરમાં જળ શક્તિ મંત્રાલય હેઠળના કેન્દ્રીય જળ આયોગે પૂર સંબંધિત માહિતી વાસ્તવિક સમયમાં પ્રદાન કરવા માટે...............મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી છે. – ફલડવોચ

**19.** ...........ના ઉતરકાશી જિલ્લાના દયારા બુગ્યાલ ખાતે ઉજવાતો અન્દુરી તહેવાર જે બટર ફેસ્ટિવલ તરીકે જાણીતો છે, જે તાજેતરમાં સમાપ્ત થયો છે. – ઉત્તરાખંડ

**20.** .................ના મુખ્યમંત્રીશ્રીએ મફત અન્નપૂર્ણા ફૂડ પેકેટ યોજના શરૂ કરી છે. – રાજસ્થાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS







ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 50% BIG DISCOUNT

**GPSC 1 & 2, Dy.SO, STI, TDO, PSI-કોન્સ્ટેબલ, વનરક્ષક, VMC, CCE,એકાઉન્ટન્ટ, સબ એકાઉન્ટન્ટ, સબ ઓડિટર, S.T.-કંડક્ટર, ડ્રાઈવર, મિકેનિક, કલાર્ક તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી**




**જનરલ નોલેજના તમામ વિષયોની તૈયારી માત્ર એક પુસ્તકમાં**

~~₹650/-~~

માત્ર **₹325/-**

Click Here

**30+ વિષયો**

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT

TELEGRAM t.me/icerajkotofficial

WHATSAPP GROUP www.joinicerajkot.com

FACEBOOK ICE RAJKOT

INSTAGRAM ICE RAJKOT

TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT